# હોર્ન વગાડવાથી રસ્તો મોટો થઈ જાય?

‘હોર્નનો અર્થ જાણે, ‘હટો...’, ‘જલ્દી કરો...’, ‘હું આવી રહ્યો છું...’, ‘મને ઉતાવળ છે...’, ‘મારે પહેલાં જવું છે...’ એવો થઈ રહ્યો છે, જ્યારે હકીકતમાં હોર્નનો મૂળ હેતુ તો જોખમની ચેતવણી આપવાનો હતો.” માણસ કેવી રીતે ચાલે, વાહન કેવી રીતે ચલાવે અને ખાસ કરીને હોર્ન કેટલી વાર વગાડે, એનાથી જાગૃત નાગરિકની ઓળખ થાય. અમદાવાદના એક ચાર રસ્તા પર લાલ સિગ્નલ ચાલુ થયું. લગભગ સો જેટલાં વાહનો સિગ્નલ બંધ હોવાના કારણે ત્યાં ઊભાં હતાં. આગળ જવાની કોઈ શક્યતા નથી એની સૌને ખબર છતાં પાછળથી એક બાઈકચાલક અધીરો થઈને હોર્ન વગાડે અને એના પછી તો જાણે હોર્નની ચેઈન શરૂ થઈ. એક પછી એક... કાર, રિક્ષા, બાઈક, બસ... આખો ચાર રસ્તો હોર્નના કોલાહલથી ગુંજી ઊઠ્યો.

થોડી સેકન્ડ પછી લીલી લાઈટ થઈ. સામેનો ટ્રાફિક હજુ પૂરો સરક્યો પણ નહોતો અને પાછળ બેઠેલા લોકોને જાણે આગળ ઊભેલા ડ્રાઈવરો ભૂલી ગયા હોય કે સિગ્નલ લીલું થયું છે! એમ હોર્ન પર હાથ દબાવી કોલાહલ શરૂ કરી દીધો. એમને એવી ઉતાવળ કે જાણે પાંચ સેકન્ડ મોડું થવાથી આખી દુનિયા અટકી જશે. આમ તો આ દશ્ય રોજનું છે અને ફક્ત અમદાવાદનું નહીં, પણ આખા દેશના લગભગ દરેક શહેરનું છે.

તાજેતરમાં એક સમાચાર વાંચવા મળ્યા. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)નો એક ડ્રાઈવર સરેરાશ દિવસભર લગભગ 700 વખત હોર્ન વગાડે છે. સર્વેમાં એવું પણ સામે આવ્યું કે દર મહિનાની 8મી તારીખે શહેરમાં સૌથી વધુ હોર્ન વાગે છે. કેમ આ તારીખે જ વધારે હોર્ન વાગે છે તેનું કારણ પણ રસપ્રદ છે. ડ્રાઈવરોના પગાર, EMI, બિલ અને અન્ય આર્થિક જવાબદારીઓના દબાણ વચ્ચે તેમનામાં તણાવ વધે છે અને તેનો પ્રભાવ રસ્તા પર દેખાય છે.

આ અભ્યાસમાં એ પણ સામે આવ્યું કે 19 ટકા લોકોનું વાહન 10 કિલોમીટર પ્રતિ કલાકથી પણ ઓછી ઝડપે ચાલતું હોવા છતાં તેઓ હોર્ન વગાડે છે. હોર્ન વગાડવાની જાણે ટેવ પડી ગઈ હોય એમ બસ તે વગાડતા રહે છે. ઘણી વખત રાત્રે 2થી 5 વાગ્યાની વચ્ચે પણ આપણે ઘરમાં સુતા હોઈએ અને ઘર રોડની બાજુમાં હોય તો રાત્રે પણ હોર્ન વગાડવાની ઘટનાઓ જોવા મળે છે.

**વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષોથી કહે છે કે સતત વધુ અવાજ માત્ર કાનને જ નહીં, હૃદય, મગજ અને માનસિક સ્વાસ્થ્યને પણ અસર કરે છે**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે AMTSની લગભગ 300 બસોમાં ડ્રાઈવર કેટલી વાર હોર્ન વગાડે છે તેની ગણતરી કરવા માટે ખાસ ડિવાઈસ લગાવવાની તૈયારી કરી રહ્યું છે. આનાથી અનાવશ્યક હોર્ન વગાડવાની આદત ઘટશે એવું માનવામાં આવે છે. આપણે સિગ્નલ તોડીએ અને આપણને 1000 રૂપિયાનો મેમો મળે, પછી એ રકમ ભરવાની થાય તો બીજી વખત સિગ્નલ તોડતા પહેલાં સો વાર વિચાર કરીએ. વિદેશમાં તો ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન તમે ત્રણ વખત કરો કે તમારું લાયસન્સ જ રદ થઈ જાય. એટલે માણસ ઘણો જાગૃત થઈને વાહન ચલાવે. હોર્ન બાબતમાં પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દરેક વાહનચાલકને પોતાના દ્વારા કેટલી વાર હોર્નનો ઉપયોગ કરવામાં આવ્યો તેની ગણતરી બતાવવામાં આવે અને સાથે સાથે હોર્ન વગાડવાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે તથા એ આપણને કેવું નુકસાન પહોંચાડે છે તે સમજાવવામાં આવે તો જાગૃત નાગરિકો હોર્ન વગાડવાનું ચોક્કસ ઘટાડે. અમદાવાદમાં અગાઉ ટેક્નોલોજીના ઉપયોગથી કરાયેલા એક અભ્યાસમાં હોર્ન વગાડવાની ઘટનાઓમાં 42 ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

જો કે આ અભ્યાસ બસ ડ્રાઈવરો પૂરતો થયો હતો, પણ અહીં બસ ડ્રાઈવર ઉપરાંત આપણો આખો સમાજ જાણે હોર્ન પર જીવતો હોય એવું લાગે છે. વળી, હોર્નમાં પણ નિયમ પ્રમાણેના ગાડી સાથે આવતા હોર્ન કાઢીને મોટા અવાજવાળા હોર્ન લગાડવાની પણ ફેશન થઈ ગઈ છે. આ બધા પર પણ ક્યાંક કડક નિયમ લાદવાની જરૂર હોવાનું લાગે છે. એક વર્ષ પહેલાં હું એક મહિના માટે અમેરિકા ગઈ હતી. ત્યાં રોજ ગાડીમાં ફરવાનું થતું. શરૂઆતના બે-ત્રણ દિવસ પછી એક વિચિત્ર વાત ધ્યાનમાં આવી. ગાડીમાં હોર્ન તો હોય, પણ આખા મહિના દરમિયાન મેં ભાગ્યે જ કોઈ હોર્ન સાંભળ્યો. ચાર રસ્તા પર ગાડીઓ ઊભી રહે. લીલી લાઈટ થાય. આગળનું વાહન ચાલે,



પછી પાછળનું. કોઈ ઉતાવળ નહીં. કોઈ ચીસ નહીં. ક્યાંય ‘ચાલો... ચાલો...’ નહીં.

એક વખત સિગ્નલ પાસે લીલી લાઈટ થઈ, પણ એક કાર આગળ અચાનક અટકી ગઈ. એની પાછળ દસેક કાર ઊભી રહી. લગભગ દસ સેકન્ડ સુધી કોઈએ હોર્ન ન વગાડ્યો. એ પછી એક ડ્રાઈવરે એક હળવો, ટૂંકો હોર્ન માર્યો. જાણે કહી રહ્યો હોય, “મિત્ર, લીલી લાઈટ થઈ ગઈ છે.” એ હોર્નમાં ગુસ્સો નહોતો, પણ એક સંદેશો હતો.

આપણે ત્યાં હોર્ન સંદેશો નહીં, પણ જાણે સ્વભાવ બની ગયો છે. યુરોપથી આવેલા અમારા એક મિત્રએ મજામાં કહેલું, “તમારા દેશમાં એટલે કે ભારતમાં હોર્ન વગાડવાથી રસ્તો મોટો થઈ જાય એવું લોકો માને છે.” મિત્રની વાતમાં તથ્ય લાગ્યું. આગળ ટ્રાફિક જામ હોય, રેલવે ફાટક બંધ હોય, પાણી ભરાયું હોય કે ચાર રસ્તા પર લાલ સિગ્નલ હોય, આપણે હોર્ન વગાડતા રહીએ. જાણે અવાજથી વાહનો ચાલવા માંડશે!

આપણા દેશમાં હોર્નનો અર્થ જાણે, ‘હટો...’, ‘જલ્દી કરો...’, ‘હું આવી રહ્યો છું...’, ‘મને ઉતાવળ છે...’, ‘મારે પહેલાં જવું છે...’ એવો થઈ રહ્યો છે, જ્યારે હકીકતમાં હોર્નનો મૂળ હેતુ તો જોખમની ચેતવણી આપવાનો હતો, પણ એ ભૂલાઈ રહ્યો હોવાનું લાગે છે.

અવાજનું પ્રદૂષણ કદાચ સૌથી ઓછું ચર્ચાતું પ્રદૂષણ છે. હવા ગંદી થાય તો દેખાય. પાણી ગંદું થાય તો દેખાય. પણ અવાજ ધીમે ધીમે આપણા મન પર હુમલો કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષોથી કહે છે કે સતત વધુ અવાજ માત્ર કાનને જ નહીં, હૃદય, મગજ અને માનસિક સ્વાસ્થ્યને પણ અસર કરે છે : ઊંઘ બગડે, બ્લડપ્રેશર વધે, ચીડિયાપણું વધે અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે. એક સમાચાર મુજબ, અવાજના વધુ પ્રદૂષણને કારણે ટ્રાફિક પોલીસની સાંભળવાની ક્ષમતા પર પણ ગંભીર અસર જોવા મળી છે. દિવસભર રસ્તા પર ઊભેલા આ લોકો આપણા માટે ટ્રાફિક સંભાળે અને બદલામાં તેમને હજારો હોર્નનો પુરસ્કાર મળે.

ક્યાંક ‘નો હોર્ન ઝોન’ લખેલા બોર્ડ હોય તો પણ હોર્ન વગાડવાનો. મને ઘણી વાર લાગે છે કે હોર્ન વગાડવાની આદત માત્ર ટ્રાફિકની સમસ્યા નથી. આ આપણા સ્વભાવનું પ્રતિબિંબ છે. આપણે રાહ જોવાનું ભૂલી ગયા છીએ.

લિફ્ટ આવવામાં પાંચ સેકન્ડ વાર થાય તો બટન વારંવાર દબાવવા માંડીએ. મોબાઈલ ધીમો ચાલે તો સ્ક્રીન પર આંગળી પછાડીએ અને રસ્તા પર કોઈ બે સેકન્ડ રોકાય તો હોર્ન વગાડીએ. આપણને સમય કરતાં વધારે ઉતાવળનું જાણે વ્યસન લાગી ગયું છે.

ગાંધીજીએ કહ્યું છે, “સંસ્કૃતિ માણસના વર્તનમાં દેખાય.” જો આ વાક્ય સાચું હોય તો રસ્તા પરના આપણા વર્તન અંગે આપણે વિચારવું રહ્યું. વિકસિત દેશો ત્યાંના પહોળા રસ્તાઓથી વિકસિત નથી બન્યા. ત્યાંના લોકો નિયમોનું પાલન કરે છે, બીજા માટે ધીરજ રાખે છે અને જાહેર જગ્યા સૌની છે એ સમજ સાથે વર્તે છે. ત્યાં કોઈ હોર્ન ન વગાડે એટલે લોકો પાસે હોર્ન નથી એવું નથી. પણ તેઓ જાણે છે કે હોર્ન આપાતકાલીન સંદેશ માટે છે, અધીરાઈ વ્યક્ત કરવા માટે નહીં.

આપણે ઘણીવાર વિકસિત દેશોની વાત કરીએ. ત્યાંના રસ્તા, ત્યાંની ગાડીઓ અને ત્યાંની ટેક્નોલોજી જેવું જ બધું આપણને જોઈએ. પરંતુ મારા મતે સૌથી પહેલાં ત્યાંના નાગરિકો જે રીતે પોતાની ફરજ અદા કરે છે એવા જવાબદાર નાગરિક બનવાની વધુ જરૂર છે.

# કુદરતની અણમોલ ભેટ નાળિયેરી

નાના છોકરાઓ ચિત્ર દોરવાની શરૂઆત કરે ત્યારે અન્ય કોઈ વૃક્ષ દોરે કે ન દોરે, પણ ડુંગર અને નાળિયેરીનું વૃક્ષ અવશ્ય દોરશે. એક અર્થમાં નાળિયેરીનું ચિત્ર બનાવવું સહેલું પણ છે. જગતનાં તમામ વૃક્ષોમાં તે ઊંચાઈ અને દેખાવને કારણે અલગ પડી જાય છે. વિશ્વના મોટાગજાના છબીકારો અને ચિત્રકારો પણ દરિયાકાંઠે ઊભેલી નાળિયેરીના સૌંદર્યને અવગણી શક્યા નથી. સાગરકાંઠાઓ નાળિયેરીનાં વૃક્ષોને કારણે જ વધુ દર્શનીય બન્યાં છે. નાળિયેરીનું વૃક્ષ અને સાગરકાંઠાને નાભિનાળનો સંબંધ છે. દરિયો નાળિયેરી વગર અધૂરો છે અને નાળિયેરી દરિયાના ઘૂઘવતા મોજાં વગર સૂની પડી જાય છે. વિશ્વમાં નાળિયેરીના છોડ પહોંચાડવાનું કામ પણ સાગરની લહેરોએ જ કર્યું છે.

જગતની તમામ પ્રજાઓ માટે કોઈ એક ફળ કે ફૂલ વિશેષ હોય છે. ભૂમધ્ય સાગરની



આસપાસ આવેલા દેશો જેતૂન (ઓલિવ)ના વૃક્ષને પૂજનીય માને છે. આરબ પ્રજા માટે ખજૂર પવિત્ર વૃક્ષ છે. એવી જ રીતે ભારતની હિન્દુ પ્રજાએ નાળિયેરીના વૃક્ષને સન્માનનો દરજ્જો આપ્યો છે. નાળિયેરને અખંડ ફળ પણ ગણવામાં આવે છે. તેને હવા, પ્રકાશ કે અન્ય કોઈ સ્પર્શ થયેલો હોતો નથી. તબીબીશાસ્ત્ર પણ આ વાત સાથે સહમત છે. ભારતીય માન્યતા અનુસાર નાળિયેરીના સર્જક વિશ્વામિત્ર ઋષિ છે. રાજા ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં પ્રવેશ કરાવવાના પ્રસંગે આ વૃક્ષ પૃથ્વી પર આવ્યું હોવાનું મનાય છે. એક માન્યતા એવી પણ છે કે ભગવાન વિષ્ણુ ધરતી પર ત્રણ ચીજો લાવ્યા, જેમાં એક નાળિયેર પણ હતું. તેથી જ તેને શ્રીફળ પણ કહેવાય છે. હિન્દુ ધર્મમાં એક માન્યતા એવી પણ છે કે નાળિયેર બીજરૂપ હોવાથી સ્ત્રીઓએ પોતાના હાથે શ્રીફળ ફોડવું જોઈએ નહીં. જે હોય તે, પરંતુ ગર્ભવતી સ્ત્રીને નાળિયેરનું ટોપરું અને ગોળ ખવડાવવાથી આવનાર બાળક તંદુરસ્ત રહે છે એવી પણ માન્યતા છે. વૈદ્યો પણ નાળિયેરને પ્રજનનક્ષમતા સાથે જોડે છે. ભારતમાં ભાગ્યે જ એવું કોઈ મંદિર હશે જ્યાં નાળિયેર વધેરવામાં આવતું ન હોય. મંદિરોમાં નાળિયેરના કારોબારનાં બીજાં પાસાં પણ છે. દક્ષિણ ભારતનાં મંદિરોમાં નાળિયેરનો સૌથી મોટો વેપાર થાય છે. તેમ છતાં ભારતમાં જ પ્રગટેલા શીખ ધર્મમાં પ્રસાદ કે ફૂલ ચડાવવાની પ્રથા નથી.

**દરિયો નાળિયેરી વગર અધૂરો છે અને નાળિયેરી દરિયાના ઘૂઘવતા મોજાં વગર સૂની પડી જાય છે**

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

નાળિયેરીના જન્મપ્રદેશને લઈને આજે પણ વનસ્પતિશાસ્ત્રીઓ વચ્ચે મતભેદ છે. મોટાભાગના જાણકારો માને છે કે નાળિયેરી ગંગાના મુખત્રિકોણ પ્રદેશનું વૃક્ષ છે, જ્યારે કેટલાક અભ્યાસુઓનું માનવું છે કે પેસિફિક મહાસાગરના પશ્ચિમ કિનારે તેનું મૂળ જન્મસ્થાન છે. પરંતુ ભારતમાં જે રીતે નાળિયેરીનું વૃક્ષ અને તેનું ફળ પ્રજાના જીવન સાથે વણાયેલું છે, તે જોતાં આ વૃક્ષ મૂળ ભારતીય હોવાનું વધુ લાગે છે. ભારતમાં નાળિયેરીનો લેખિત ઈતિહાસ લગભગ બે હજાર વર્ષ જૂનો છે. પ્રાચીન તમિળ ગ્રંથોમાં પણ નાળિયેરીના વૃક્ષનો ઉલ્લેખ જોવા મળે છે. દક્ષિણ ભારતમાં નાળિયેરીના વૃક્ષને ત્યાંની પ્રજાનું કલ્પવૃક્ષ ગણવામાં આવે છે. આજે પણ ભારતમાં નાળિયેરના ઉત્પાદનમાં દક્ષિણનાં રાજ્યો મોખરે છે. નાળિયેરીનું વૈજ્ઞાનિક નામ ‘Cocos nucifera’ છે. તેનું સંસ્કૃત નામ ‘નાલિકેર’ છે. તેનું અપભ્રંશ બંગાળીમાં ‘નારીકેલ’ બન્યું અને એ જ શબ્દ હિન્દીમાં ‘નારિયલ’ તરીકે પ્રચલિત થયો. ગુજરાતી ભાષાનો ‘ળ’ મરાઠી ભાષાની દેન માનવામાં આવે છે. મરાઠીમાંથી જ ‘નાળિયેર’ શબ્દ ગુજરાતીમાં આવ્યો છે. ગુજરાતી ભાષાની વિશેષતા એવી છે કે તેણે વૃક્ષ અને તેના ફળને અનુક્રમે સ્ત્રીલિંગ અને પુલ્લિંગ સ્વરૂપ આપ્યાં છે.

નાળિયેરીને કલ્પવૃક્ષ કહેવામાં અતિશયોક્તિ નથી. કારણ કે નાળિયેરીનું વૃક્ષ જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકે છે. તે ખોરાક આપે છે, પાણી આપે છે, તેના રેસામાંથી દોરડા, ચટાઈ અને અન્ય ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે, તેમજ ઘર બનાવવા માટે પણ તે ઉપયોગી છે. નાળિયેરના ઉત્પાદનમાં ભારતનો વિશ્વમાં ત્રીજો ક્રમ છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોલકાતામાં ઘાયલ સૈનિકોની સારવાર દરમિયાન ડિસ્ટિલ્ડ વોટર ખૂટી પડતાં સૈન્યના એક તબીબે ઈશ્વરને યાદ કરીને નાળિયેરના પાણીનો પ્રયોગ કર્યો હોવાનું કહેવાય છે. જોકે આજનું તબીબીશાસ્ત્ર આ પ્રયોગને જોખમી માને છે. નાળિયેર વિશ્વમાં તેના તેલને કારણે વધુ ઉપયોગી માનવામાં આવે છે. સદીઓથી વાળ અને ચામડીને સ્વસ્થ રાખવા માટે ભારતમાં તેનો ઉપયોગ થતો રહ્યો છે. દક્ષિણ ભારતમાં રસોઈમાં પણ નાળિયેરના તેલનો વ્યાપક ઉપયોગ થાય છે. વિશ્વકક્ષાએ નાળિયેરના તેલનો ઉપયોગ વિવિધ ઔદ્યોગિક એકમોમાં થાય છે. રંગ તેમજ વાર્નિશ બનાવવા માટે પણ નાળિયેરનું તેલ વપરાય છે. દુનિયામાં કોપરેલ તેલનો સૌથી વધુ ઉપયોગ ફિલિપાઈન્સમાં થાય છે. નાળિયેરીનું વૃક્ષ એક અદભૂત વસ્તુ આપે છે, તે છે કાથી. કૃત્રિમ રેસાની સરખામણીએ કાથી એક કુદરતી અને જૈવિક રીતે નાશ પામતો રેસો છે, જે અજોડ મજબૂતી ધરાવે છે. નાળિયેરીના મૂળનો ઉપયોગ ટૂથપેસ્ટ બનાવવા માટે પણ થાય છે. નાળિયેરી માનવજાતને કુદરત તરફથી મળેલી અનુપમ ભેટ છે. એટલે જ અજાણ્યા ટાપુઓ પર ફસાઈ ગયેલા માણસો નાળિયેરીના સહારે વર્ષો સુધી જીવતા રહી શક્યા છે.